બુધવાર, 10 ડિસેમ્બર, 2025 માગશર વદ છઠ્ઠ

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## વાઘોડિયા રિયલ એસ્ટેટ: કાયદાનું ઉલ્લંઘન અને ગેરકાયદેસર ભાડૂતોનો ખતરો

વડોદરા: વાઘોડિયા વિસ્તારમાં રિયલ એસ્ટેટના બ્રોકરોનું જાણે અસામાજિક તત્વો માટે સ્વર્ગ બની ગયું છે. આ વિસ્તારમાં બ્રોકરોનું સામ્રાજ્ય સ્થપાયું છે, જ્યાં કાયદાની એસી તેસી કરીને મનમાની ચાલી રહી છે. બ્રોકરેજની લાલચમાં, દલાલો ખુલ્લેઆમ પોલીસના કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને પી.સી.સી. (પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ) વગર જ રહેણાંક મકાનો ભાડે આપી રહ્યા છે. સ્થાનિક સોસાયટીના પ્રમુખો દ્વારા આ ગંભીર બાબતે તંત્રને અનેકવાર માહિતી આપવા છતાં, કોઈ પણ પ્રકારની નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. આના કારણે સ્થાનિક નાગરિકોમાં સુરક્ષા અને કાયદાના પાલન અંગે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે. જો આ રીતે ગેરકાયદેસર રીતે રહેતા લોકો કોઈ પણ અપરાધજનક કે ગેરકાનૂની પ્રવૃત્તિ કરે, તો તેની સુરક્ષા અને કાયદાકીય જવાબદારી કોના શિરે આવશે? થોડા સમય અગાઉની ઘટના ટાંકીએ તો, વાઘોડિયાની શ્યામલ કાઉન્ટીમાં ભાડે રહેતા સ્ટુડન્ટના મકાનમાંથી દારૂની બોટલ અને ગાંજો જપ્ત થયો હતો. આવી ઘટનાઓ વારંવાર બન્યા કરે છે. એક અહેવાલ મુજબ, એકલી શ્યામલ કાઉન્ટીમાં જ ૨૦૦ થી વધુ ઘરો ભાડે આપેલા છે અને તેમાંથી મોટા ભાગનાનું પી.સી.સી. કરવામાં આવ્યું નથી. શું આટલા મોટા પાયે થઈ રહેલા કાયદાના ભંગ પાછળ કોઈ વહીવટ કે રાજકીય દબાણ કામ કરી રહ્યું છે? કેમ તંત્ર દ્વારા તાત્કાલિક એક્શન લેવામાં નથી આવતું? શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના થવાની રાહ જોઈ રહ્યું છે, જેથી કાયદાનું શાસન સ્થાપી શકાય?



## એસજી હાઈવે અકસ્માત કેસમાં નવી જુબાની

એસજી હાઈવે અકસ્માત કેસમાં વધુ એક મહત્વપૂર્ણ સાક્ષીએ કોર્ટમાં વિગતવાર જુબાની આપી. સાક્ષી મિઝાન ભાડભૂજાએ જણાવ્યું કે ઘટનાની રાત્રે ઝડપી દોડતી સફેદ કાર ત્યાં ભેગા થયેલા લોકોને ટક્કર મારી ગઈ હતી. ગાડીના ટાયર નીચે ફસાઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને બાદમાં તેમની અનેક સર્જરી કરવી પડી હતી. તેમણે કોર્ટમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા તથ્ય પટેલને ઓળખ્યો હોવાનું પણ જણાવ્યું. ઉલટ તપાસ દરમિયાન સાક્ષી પોતાની પહેલાંની વિગતો અંગે સ્પષ્ટીકરણ આપ્યું હતું. તેમણે 108ની મોડેલી એન્ટ્રી અને ઘટનાસ્થળે સર્જાયેલી ગડબડ અંગે પણ ઉલ્લેખ કર્યો. કેસમાં આગળના દિવસોમાં વધુ સાક્ષીઓની જુબાની લેવામાં આવશે.

## નવા બજારમાં ફર્નિચર દુકાને ભીષણ આગનો બનાવ

વડોદરાના નવા બજારમાં આવેલી ફર્નિચરની દુકાનમાં મધરાતે ભીષણ આગ લાગતા વ્યાપક નુકસાન થયું છે. રાત્રિના એક વાગ્યે મળેલા કોલ બાદ ફાયર વિભાગ સ્થળે દોડી આવ્યો અને ભારે જહેમત બાદ આગ ત્રીજા માળે ફેલાય તે પહેલાં કાબૂમાં લેવામાં આવી. આગ એટલી વિકરાળ હતી કે ધૂમાડાના ગોટા દૂર સુધી દેખાયા હતા. દુકાનના પહેલા અને બીજા માળનો મોટાભાગનો સામાન બળીને ભસ્મીભૂત થઈ જતા દુકાનદારને લાખોનું નુકસાન થયું છે. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. દુકાનમાં લાકડું, પડદાં અને અન્ય જ્વલનશીલ સામગ્રી હોવાથી આગ ઝડપથી પ્રસરી. આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ સામે આવશે.

## કેજરીવાલની જેલ મુલાકાત અટકતા રાજકીય ગરમાવો




રાજકોટ મધ્ય જેલમાં બંધ ખેડૂતો અને પાર્ટી નેતાઓને મળવા અરવિંદ કેજરીવાલને મંજૂરી ન મળતાં રાજકીય તણાવ વધ્યો છે. AAP કાર્યકર્તાઓએ જેલ બહાર વિરોધ દર્શાવ્યો, જ્યારે હોટલ આસપાસ સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થા જોવા મળી. કેજરીવાલે સરકાર પર મુલાકાત રોકવાનો આક્ષેપ કર્યો અને ખેડૂત આંદોલન સાથે જોડાયેલા 28 લોકોએ યોગ્ય વ્યવહાર અને મુલાકાતના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યું. ઘટના અંગે તીવ્ર રાજકીય ચર્ચા શરૂ થઈ છે.

## છાણી રોડ વિસ્તારમાં હેરોઇનનો જથ્થો ઝડપાયો

વડોદરા શહેરના છાણી રોડ પાસે આવેલ ટેમ્પા-ટ્રક પાર્કિંગ ગ્રાઉન્ડમાં મોડી રાત્રે કરાયેલી કાર્યવાહી દરમિયાન હેરોઇનનો જથ્થો ઝડપાયો છે. મળતી માહિતી મુજબ અહીં હરજીન્દરસિંહ ઉર્ફે બોબી સરદાર નામનો વ્યક્તિ ટ્રક ડ્રાઇવરોને હેરોઇનની પડીકીઓ વેચતો હતો. સ્થળને ચકાસતા 11 ગ્રામ 320 મિલિગ્રામ હેરોઇન, મોબાઇલ અને રોકડ મળી કુલ 2.34 લાખ રૂપિયાનું સામાન જપ્ત કરાયું. હરજીન્દરસિંહને ઝડપી લેવાયો છે, જ્યારે તેનો સાથીસ્થ ફરાર છે.

આકડા મુજબ વર્ષ 2025 દરમિયાન શહેરમાં નશામુક્તિ અભિયાન અંતર્ગત 40થી વધુ કેસોમાં કુલ 2 કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત થયો છે અને 65 લોકો કાયદા પ્રક્રિયામાં સામેલ થયા છે. શહેરમાં વધતા નશા વેપાર અંગે ચિંતાઓ ફરી ઊભી થઈ છે.

## કારેલીબાગમાં બસની ટક્કરે મહિલાનું દુર્ઘટનાજનક મોત



વડોદરાના કારેલીબાગ વુડા સર્કલ પાસે થયેલા અકસ્માતમાં એક્ટિવા પર સવાર શકુંતલાબેન (66)નું દુર્ઘટનાજનક મોત થતા શહેરમાં શોકની લાગણી જોવા મળી છે. ખાનગી ટ્રાવેલ્સ બસે દંપતીને અડફેટે લેતા મહિલાને બસના આગળના ટાયરમાં આવી જતાં ઘટના ભયાનક બની ગઈ. CCTV ફૂટેજમાં અકસ્માતની પળ સ્પષ્ટ જોવા મળે છે. દંપતી દવાખાને જઈ રહ્યું હતું કારણકે મહિલાનું આવતીકાલે આંખનું ઓપરેશન હતું. ટક્કર બાદ રોડ પર લોહી ફેલાતા ઘટના સ્થળે લોકો ભેગા થયા અને તરત જ મદદ ન પહોંચતા લોકરોષ વધ્યો. મહિલાનો મૃતદેહ બહાર કાઢીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યારે પતિને કોઈ ઈજા થઈ ન હતી. અકસ્માતને કારણે એરિયામાં ટ્રાફિકને પણ અવરોધનો સામનો કરવો પડ્યો. સમગ્ર ઘટનાને લઈ નગરમાં ચર્ચા ચાલી રહી છે અને ભારે ટ્રાફિક ધરાવતા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાઓ વધારવાની માંગણી થઈ રહી છે.

## ભાગીયા મજૂરો પાક નુકસાન વળતર માટે રાજકોટમાં રેલી

રાજકોટ જિલ્લામાં કમૌસમી વરસાદથી થયેલા પાક નુકસાન બાદ ભાગીયા મજૂરોને વળતર મળવું જોઈએ તેવી માગ સાથે આદિવાસી પરિવાર મજૂર સંઘે વિરાટ રેલી યોજી હતી. રેસકોર્સથી કલેક્ટર કચેરી સુધી નીકળેલી આ રેલીમાં મજૂરો મોટી સંખ્યામાં જોડાયા હતા. સંઘના હોદ્દેદારોએ જણાવ્યું કે ભાગીયા મજૂરો વર્ષોથી શોષણ, અન્યાય અને લોનના બોજમાંથી પસાર થાય છે, છતાં પાક નુકસાનના પેકેજમાં તેઓનો સમાવેશ થતો નથી. ખેડૂતોને તાજેતરમાં રાજ્ય સરકારે 10,000 કરોડનું રાહત પેકેજ જાહેર કર્યું છે, પરંતુ પાક ઉગાડવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ભાગીયા મજૂરોને કોઈ સહાય મળવાની નથી. એક તરફ ખેતરમાં દિવસ-રાત મહેનત, બીજી તરફ નાની બાબતોમાં દુર્વ્યવહાર અને ચુકવણીની સમસ્યાઓ —આ બધાની વચ્ચે તેઓ અતિવૃષ્ટિના નુકસાનથી સીધા પ્રભાવિત થાય છે. તેમ છતાં સર્વે પ્રક્રિયામાં તેમનો સમાવેશ થતો નથી. ખેતીકામ દરમિયાન થતા અકસ્માતોમાં પણ તેઓને વળતર મળતું નથી. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં લઈને તાત્કાલિક સહાય જાહેર કરવા સંઘે અધિક કલેક્ટરને આવેદન આપ્યું.



**કમૌસમી વરસાદથી ભાગીયા મજૂરોને વળતર આપવા રાજકોટમાં રેલી, આવેદન સાથે તાત્કાલિક પગલાંની માંગ**

## રાજકોટ એરપોર્ટ સુવિધાઓ સુધારવા રજૂઆત કરાઈ



દિલ્હીમાં સંસદના શિયાળુ સત્ર દરમ્યાન રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયાએ નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુને રાજકોટ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકની સમસ્યાઓ અંગે રજૂઆત કરી. ઇન્ટરનેશનલ ફ્લાઇટ શરુ કરવી, વાઈફાઈ અને પાણીની સુવિધા સુધારવા તેમજ હાઈવેથી એરપોર્ટ સુધી પબ્લિક ટ્રાન્સપોર્ટ શરૂ કરવાની તાત્કાલિક જરૂર બતાવી. મંત્રી જયંત ચૌધરી પણ હાજર રહ્યા.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## જહાંગીરપુરામાં ચરસ રેકેટ ભંગાતાં પોશ વિસ્તારો ચકિત

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં 137 ગ્રામ ચરસ સાથે ત્રણ યુવકો ઝડપાતા શહેરના પોશ વિસ્તારોમાં ફેલાયેલા ડ્રગ નેટવર્કનો પર્દાફાશ થયો છે. મુખ્ય સૂત્રધાર અનુપ બિષ્ટ હિમાચલના કસોલથી દર મહિને 1 થી 2 કિલો 'મલાલા ક્રિમ' ચરસ લાવી 7–8 લાખની કમાણી કરતો હતો. તેનું ડ્રગ્સ નેટવર્ક વેસુ, સિટીલાઇટ, પિપલોદ, અલથાણ, અડાજણ સહિતના વિસ્તારોના યુવાનોને નિશાન બનાવતું હતું. અનુપ પાસેથી 50થી વધુ પેડલરોની યાદી મળી છે, જેનાથી રેકેટનું મોટું જાળું બહાર આવ્યું છે.

ચરસ વેપાર પહેલાં ઝીંગા તળાવમાં રોકાણ કરનાર અનુપની કોલ ડિટેઇલ્સમાં પોશ વિસ્તારની કેટલાક યુવતીઓ જોડાઈ હોવાની શક્યતાઓ ઊભી થઈ છે. સાથે જ હાઇબ્રીડ ગાંજાના કનેક્શન હેઠળ અડાજણમાં આગમ પટેલની ધરપકડ બાદ થાઇલેન્ડ લિંક ધરાવતા મુખ્ય સપ્લાયરની શોધખોળ ચાલુ છે.

## આમ્રપાલી અંડરબ્રીજમાં પાણીભરાવથી ટ્રાફિક મુશ્કેલ

રાજકોટના રૈયા રોડ પર આવેલ આમ્રપાલી રેલ લાઇન હેઠળના અંડરબ્રીજે પહેલા ટ્રાફિક સમસ્યામાં રાહત આપી હતી, પરંતુ તાજેતરના વરસાદ બાદ અહીં પાણીભરાવ ફરી મોટી ચિંતા તરીકે ઉભરી આવ્યો છે. અંડરબ્રીજમાં વારંવાર છલકાતા ગંદા પાણીના કારણે ટુ-વ્હીલર ચાલકો માટે જોખમ ભરેલી પરિસ્થિતિ સર્જાઈ છે. રસ્તો સ્લીપરી બનતા અનેક નાગરિકો સંતુલન ગુમાવતા નજરે પડ્યા છે. આ મુદ્દે કોંગ્રેસ દ્વારા વિરોધ કાર્યક્રમ યોજાઈ ચૂક્યો છે. 20 કરોડના ખર્ચે બનેલો આ પુલ હવે રેલનગર બ્રીજની જ સમસ્યાની નકલ બની ગયો છે. અનેક ફરિયાદો બાદ મહાપાલિકાએ હવે દિવાલે નાની પાળી બનાવી પાણી ગટર તરફ વહે એવું કામ શરૂ કર્યું છે. તેમ છતાં આજે બપોરે અંડરબ્રીજમાં એક એસ.ટી. બસ ખોટકાઈ જતાં ટ્રાફિક અર્ધા ભાગમાંથી જ નીકળી શક્યો હતો. નાગરિકોનું કહેવું છે કે કામ અધૂરું છોડવામાં આવે છે અને પછી ફેરફારો કરવા માટે વધુ ખર્ચ થાય છે.



## સાવરકુંડલા: વીજપડી પાસે ST બસ-બાઇક અકસ્માત, વૃદ્ધનું મૃત્યુ




સાવરકુંડલાના વીજપડી ગામે જીન નજીક મહુવા-જામનગર રૂટની ST બસ અને સામેથી આવી રહેલા ટુ-વ્હીલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસની ડ્રાઈવર સાઈડમાં ટુ-વ્હીલર અથડાતાં નવાગામ (જાંબુડા)ના આશરે ૬૫ વર્ષીય રાઘભાઈ વેકરીયાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. ૧૦૮ મારફતે મૃતદેહને વીજપડી સીએસસી ખસેડવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## રેતી ચોરી પર તવાઈ: ૬૦ લાખથી વધુના મુદ્દામાલ સાથે ૯ વાહનો જપ્ત

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર ખનીજ ચોરીની પ્રવૃત્તિઓ પર લગામ કસવાના ભાગરૂપે તાલુકા પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમે સંયુક્ત રીતે મોટી કાર્યવાહી હાથ ધરી છે. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના PI ઓમદેવસિંહ જાડેજા અને તેમની ટીમે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ સાથે મળીને ચાપાથલ ગામ નજીકના વિસ્તારમાં બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન, પોલીસ અને ખાણ ખનીજ વિભાગની ટીમે ગેરકાયદેસર રીતે રેતીનું ખનન અને પરિવહન કરતા વાહનોને ઝડપી પાડ્યા હતા. સ્થળ પરથી ૬ ડમ્પર, ૧ ટ્રેક્ટર, ૨ JCB મશીન અને ૧ લોડર સહિત કુલ ૧૦ વાહનોને જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલા આ તમામ વાહનો અને અન્ય મુદ્દામાલની અંદાજિત કિંમત ₹૬૦ થી ૭૦ લાખ સુધીની આંકવામાં આવી છે.

તાલુકા પોલીસની આ ઝડપી અને સંકલિત કાર્યવાહીથી રેતી ચોરીના આર્થિક નેટવર્કને મોટો ફટકો પડ્યો છે. ગેરકાયદેસર ખનન દ્વારા રાજ્યના કુદરતી સંસાધનોને થતું નુકસાન અટકાવવા માટે વહીવટી તંત્રની આ કાર્યવાહી મહત્ત્વપૂર્ણ ગણાય છે. જપ્ત કરાયેલા વાહનો સામે હવે ખાણ ખનીજ વિભાગ દ્વારા કાયદાકીય જોગવાઈઓ મુજબ ભારે દંડ ફટકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.




**અમરેલી તાલુકા પોલીસ અને ખાણ ખનીજ વિભાગે ચાપાથલ ગામ નજીક સંયુક્ત દરોડો પાડી રેતી ચોરી કરતા ૬ ડમ્પર, ૨ JCB, ૧ ટ્રેક્ટર સહિત ૯ વાહનો અને ₹૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો.**

## જન્મ-મરણ પોર્ટલની ખામીથી નાગરિકો હેરાન પરેશાન

મહાપાલિકાના જન્મ-મરણ પોર્ટલમાં ચાલતી સતત ટેક્નિકલ ખામીઓ હવે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. એક સાથે ત્રણ રેકર્ડ પર કામ કરવું પડે છે, પરંતુ પોર્ટલ સુધારા સ્વીકારતું નથી અને સર્વર વારંવાર ડાઉન થઈ જતાં કામગીરી રોકાઈ જાય છે. તાજેતરમાં એક પરિવારે જણાવી કે મરણના દાખલામાં સાચી તારીખ 11-11-25 હોવા છતાં પોર્ટલ પરથી મળેલા દાખલામાં 4-11-25 દર્શાવાઈ, જ્યારે મેસેજમાં 5-11 મોકલાયું હતું. આ ગડબડને સ્ટાફે પોર્ટલની ક્ષતિ ગણાવી. કોંગ્રેસના આગેવાન સુરેશ બથવારે અધિકારીઓનું ધ્યાન દોર્યું છે. મહિનાઓથી હજારો નાગરિકો દાખલા અને સુધારા માટે ધક્કા ખાઈ રહ્યા છે. અધિકારીઓ વિભાગની મુલાકાત લેતા નથી તેવી પણ ફરિયાદ છે. સ્ટાફ વધારો, ટેક્નિકલ સુધારા અને ઝડપી નિરાકરણની માંગ જોર પકડી રહી છે.




## શાણપુર ગામે સગીરાને લઈ જવાની ઘટના ચર્ચામાં

પાદરા તાલુકાના શાણપુર ગામે સગીરાને લઈ જવાની ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા ફેલાવી છે. ફરિયાદી કુસુમબેન વસાવાએ જણાવ્યું મુજબ, તેમની ૧૩ વર્ષની પુત્રી કૃપા ૭ ડિસેમ્બર ની રાતથી ૮ ડિસેમ્બર ની સવાર દરમિયાન ઘરે થી ગાયબ થઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ એક વ્યક્તિએ તેને લલચાવી પોતાના સંગે લઈ ગયા હોવાની શક્યતા વ્યક્ત થઈ છે. ઘટનાને પગલે પરિવારજનોએ બાળકીના શોધખોળ શરૂ કરી છે. સગીરાની સલામતી અંગે પ્રશ્નો ઊભા થતા ગામમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે અને પરિવાર તેના સુરક્ષિત પુનરાગમનની આશામાં છે.

## ધારી: દીપડાના હુમલામાં મૃતક બાળકીના પરિવારને ₹૧૦ લાખનો ચેક

ધારી તાલુકાના ત્રંબકપુર ગામ પાસે દીપડાના હુમલામાં મૃત્યુ પામેલી બાળકીના પરિવારને વન વિભાગ દ્વારા તાત્કાલિક આર્થિક સહાય પહોંચાડવામાં આવી છે. થોડા દિવસો પહેલાં ત્રંબકપુરના પૂર્વ વિસ્તાર નજીક એક દીપડાએ બાળકી પર જીવલેણ હુમલો કર્યો હતો, જેમાં બાળકીનું કરુણ મૃત્યુ થયું હતું. આ દુઃખદ ઘટનાના પગલે રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ, વન વિભાગે સંવેદનશીલતા દાખવીને મૃતક બાળકીના પરિવારને ₹૧૦ લાખની સહાયનો ચેક તાત્કાલિક અર્પણ કર્યો હતો.

આ ચેક અર્પણ કરવાના પ્રસંગે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એ.સી.એફ. (એસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ) દીપક ચૌધરી, દલખાણીયા રેન્જના આર.એફ.ઓ. (રેન્જ ફોરેસ્ટ ઓફિસર) વણિક, ફોરેસ્ટર સાવલિયા તેમજ વાઇલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુએ ખાસ હાજરી આપીને પરિવારને સાંત્વના પાઠવી હતી. વન વિભાગ દ્વારા આવી ઘટનાઓ બાદ તાત્કાલિક વળતર ચૂકવીને પીડિત પરિવારોને આર્થિક ટેકો પૂરો પાડવામાં આવે છે. આ સાથે જ, વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં દીપડાની અવરજવરને ધ્યાનમાં રાખીને તેને પકડી પાડવા અને સ્થાનિકોની સુરક્ષા વધારવા માટે જરૂરી પગલાં લેવાની ખાતરી પણ આપવામાં આવી હતી. **રિપોર્ટ : સરફરાઝ ખોખર અમરેલી**



## વડોદરા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં દારૂ સેવનના કેસો

વડોદરા જિલ્લામાં દારૂ સેવન અને પીધેલી હાલતમાં વાહન હંકારવાના અનેક બનાવો પ્રકાશમાં આવ્યા છે. ચાણોદ વિસ્તારમાં દિનેશભાઈ તડવી અને ગિરિશભાઈ રાઠવા તેમની બાઈક સાથે નજરમાં આવ્યા હતા, જ્યારે પ્રવીણભાઈ રાઠવા પાછળ બેસેલા હતા. શિનોર વિસ્તારમાં હાર્દિકભાઈ શેઠનો કેસ સામે આવ્યો. વાઘોડિયા વિસ્તારમાં પ્રકાશભાઈ પરમારનો ઉલ્લેખ છે. ડભોઈ વિસ્તારમાં મહેશભાઈ બારિયા સહિત હીરાલાલ યાદવ, યુસુફભાઈ બોડીવાલા, પ્રવીણભાઈ તડવી અને લક્ષ્મણભાઈ તડવી સામે વિગતો નોંધાઈ છે. કરજણ વિસ્તારમાં ત્રણ વ્યક્તિઓ તથા વડોદરા તાલુકામાં નિરંજનભાઈ નિઝામ અંગે માહિતી સામે આવી છે.

## વડોદરા જિલ્લામાં દેશી દારૂ અને વોશના જથ્થા મળ્યા

વડોદરા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાંથી દેશી દારૂ અને વોશના જુદા જુદા જથ્થા બહાર આવ્યા છે. ડેસર વિસ્તારમાં મધુબેન અને ગજરાબેન ભીલ પાસેથી ૨-૨ લિટર દારૂ મળ્યો હતો. પાદરામાં કાન્તાબેન અને ગંગાબેન માળી પાસેથી ૫-૫ લિટરનો જથ્થો મળ્યો. વરણામા વિસ્તારમાં નટુભાઈ ગોહિલ પાસેથી ૧૦૦ લિટર અને પ્રવીણભાઈ પઢિયાર તેમજ નરેશભાઈ ઠાકરડા પાસેથી ૨૦૦-૨૦૦ લિટર વોશ મળ્યો, જ્યારે ગંગાબેન પાસેથી ૪ લિટર દારૂ મળ્યો. કરજણ, વડોદરા તાલુકા અને વડુ વિસ્તારોમાંથી પણ નાની માત્રામાં દારૂ-વોશ મળ્યો હોવાનું જાણવા મળે છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરા: બેંક ફ્રોડ કેસનો વોન્ટેડ આરોપી 'મોહસીનખાન પઠાણ' ઝડપાયો

વડોદરા રેન્જ આઈજી અને એસપી સુશિલ અગ્રવાલના 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત વડોદરા ગ્રામ્ય પેરોલ-ફર્લો સ્કવોડને મોટી સફળતા મળી છે. પોલીસે વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપી મોહસીનખાન ઝફરૂલ્લાખાન પઠાણને મચ્છીપીઠના નાકેથી ઝડપી પાડ્યો છે. આરોપી બનાવટી દસ્તાવેજોના આધારે બેંક એકાઉન્ટ ખોલાવી ઇલેક્ટ્રોનિક સાધનોની મદદથી ચેક બુક અને એટીએમ મેળવી સંગઠિત ગુનાઓ આચરતો



## આણંદમાં RTS કેસોની તાલુકા સ્તરે સુનાવણી શરૂ

આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ વહીવટી પ્રક્રિયાને લોકોની નજીક લાવવા માટે 'RTS કેસોની તાલુકા મથકે સુનાવણી'ની અનોખી પહેલ કરી છે. ખંભાત મામલતદાર કચેરી ખાતે કલેક્ટરના અધ્યક્ષસ્થાને પ્રાંત અધિકારી કુંજલ શાહ અને મામલતદારની હાજરીમાં 65 જમીન તકરારી કેસો (RTS)ની સુનાવણી હાથ ધરવામાં આવી. મોટી સંખ્યામાં અરજદારો ઉમટી પડ્યા હતા, અને કેટલાક કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. અગાઉ અરજદારોને આણંદ સુધી જવું પડતું હતું, જેમાં તેમનો આખો દિવસ અને ₹1,000થી વધુનો ખર્ચ થતો હતો. કલેક્ટરે તાલુકા મથકે હાજર રહીને કેસો સાંભળતા અરજદારોને મોટી રાહત મળી છે, અને આ પહેલથી સામાન્ય જનતામાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.




## ગોઠડા ગામની સીમમાં બોલેરોમાં દારૂ ઝડપાયો

પંચમહાલ જિલ્લામાં ૩૧મી ડિસેમ્બર અને નૂતન વર્ષની ઉજવણી પૂર્વે દારૂની બદીને ડામવા માટે તંત્ર સક્રિય બન્યું છે. કાંકણપુરને ખાનગી બાતમી મળી હતી કે, ગોધરા તાલુકાના ગોઠડા ગામની સીમમાં ઝાડીઓમાં દારૂ ભરેલી બોલેરો ગાડી (GJ-05-RD-1937) કટિંગ માટે આવવાની છે. આ બાતમીના આધારે તંત્ર દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન, ગોઠડા ગામની સીમમાં ઝાડીવાળા વિસ્તારમાંથી સફેદ કલરની બિનવારસી બોલેરો ગાડી બંધ હાલતમાં મળી આવી હતી. ગાડીની તપાસ કરતા તેમાંથી ₹1,72,560ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો. ₹5 લાખની ગાડી સાથે કુલ ₹6,72,560નો મુદ્દામાલ જપ્ત કરીને અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.




## સાવલી પોઈચા સરપંચ સામે ખોટા જાતિના દાખલાનો ગંભીર આક્ષેપ

સાવલી તાલુકાની પોઈચા (ક) ગ્રામ પંચાયતની રાજનીતિમાં મોટો વિવાદ ઊભો થયો છે. બક્ષીપંચ અનામત સીટ પર ચૂંટાયેલા સરપંચ મીનાબેન જાડેજાની ઉમેદવારી સામે ગંભીર આક્ષેપો થયા છે. ગામની ચૂંટણી ૨૨ જૂન ૨૦૨૫ના રોજ યોજાઈ હતી, જેમાં મીનાબેન વિજેતા બન્યા હતા, પરંતુ તેમનો કાર્યકાળ વિવાદોથી ઘેરાયો છે.

ફરિયાદી સોમાભાઈ પ્રજાપતિએ એડવોકેટ જૈમિન શેઠ મારફતે સાવલી પોલીસ મથકે લેખિત અરજી આપી છે. આ અરજીમાં પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી છે કે મીનાબેનનો જન્મ દાખલો અને શાળાનો રેકોર્ડ તેમને 'હિન્દુ રાજપૂત' તરીકે દર્શાવે છે. જો આ રેકોર્ડ સાચા હોય તો તેઓ બક્ષીપંચ અનામત સીટ પર ચૂંટણી લડવાના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરી રહ્યા છે.

ફરિયાદી સોમાભાઈ પ્રજાપતિએ જણાવ્યું કે તેમણે અગાઉ મુખ્યમંત્રી કાર્યાલય, જિલ્લા કલેક્ટર, ડીડીઓ અને મામલતદાર સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ કરી હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નહોતી. જેના કારણે અંતે પોલીસ સમક્ષ પુરાવા સાથે ફરી અરજી દાખલ કરવાની ફરજ પડી છે. હાલ મામલતદારને જાતિના દાખલા અંગે તપાસ અહેવાલ સોંપાયો છે. આ ગંભીર આક્ષેપોના પગલે પોઈચા ગ્રામ પંચાયતમાં સરપંચની યોગ્યતા અંગેનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. **રિપોર્ટ કિરણસિંહ સોલંકી ડેસર**




## ખાનપુરમાં યુવકો વચ્ચે ઝઘડો અને મારામારીનો બનાવ

વડોદરા તાલુકાના ખાનપુર ગામે ભાથુજી દાદાના મંદિર નજીક યુવકો વચ્ચે થયેલી મારામારીનો બનાવ ચર્ચામાં છે. ૨૮ નવેમ્બરની રાત્રે ફરિયાદી નીતિનભાઈ જાદવ પોતાના મિત્રની રાહ જોઈ રહ્યા હતા ત્યારે ચાર વ્યક્તિઓ ત્યાં આવીને ઉભા રહેવા મુદ્દે પૂછપરછ બાદ ઝઘડો કર્યો. તેમને ચહેરા અને માથા પર પક્કડ વડે માર મારાયો, તેમજ સાથી દેવ પરમારને લાકડીથી ઇજા પહોંચાડવામાં આવી. ઘટનાથી ગામમાં તણાવ જેવી સ્થિતિ સર્જાઈ હતી અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા

## સમિયાલા નજીક રોંગ સાઈડથી બનેલો ગંભીર અકસ્માત

પાદરા–વડોદરા રોડ પર અલ-કબીર હોટલ સામે સમિયાલા વિસ્તારમાં બનેલા ગંભીર અકસ્માતે ચિંતા ફેલાવી છે. ૫ ડિસેમ્બરનાં સવારે ૦૯:૩૦ થી ૧૦:૦૦ વચ્ચે હોન્ડા શાઈન પર જઈ રહેલા વારિસઅલી સાદતઅલીને રોંગ સાઈડમાંથી આવી રહેલા TVS પેપ્ટ સ્કૂટરે અચાનક ટક્કર મારી હતી. ગફલતભરી ડ્રાઈવિંગના કારણે થયેલી આ ટક્કરમાં ભોગ બનનારને જમણા પગમાં ફ્રેક્ચર સહિત ડાબા કાંડા, જમણા ખભામાં ઇજા અને ડાબી આંખની ઉપર ગંભીર અસર થઈ હતી. ઘટનાએ માર્ગ સલામતી અંગે ફરી પ્રશ્નો ઉભા કર્યા છે અને સ્થાનિકોમાં સાવચેતીની જરૂરિયાત ઊભી થઈ છે.

## જનડા પ્રા. શાળામાં જિલ્લા કક્ષાનો બાળ વિજ્ઞાન મેળો યોજાયો

ગઢડા તાલુકાના જનડા ગામની પ્રાથમિક શાળા ખાતે આજે જિલ્લા કક્ષાનો બાળ વિજ્ઞાન પ્રવાહ મેળો યોજાયો હતો. આ મેળામાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોએ વિજ્ઞાન અને કલા સંબંધિત પોતાની જાતે તૈયાર કરેલી જુદી જુદી પ્રવૃત્તિઓ અને મોડેલનું પ્રદર્શન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ગઢડા-બોટાદના માનનીય કલેક્ટર સાહેબ, ટીડીઓ સાહેબ અને શિક્ષણ અધિકારી સહિતના મહાનુભાવો વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ બાળકોના પ્રોજેક્ટ્સ નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. જનડા શાળાના સમગ્ર શિક્ષક સ્ટાફ, વાલીઓ અને બાળકોના સહિયારા પ્રયાસોથી આ મેળાનું સુંદર આયોજન થયું હતું, જેમાં બાળકોએ તેમની અલગ-અલગ કલા અને વિજ્ઞાનની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. **રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**







**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ગરીબોના પાકા આવાસનું સ્વપ્ન અધૂરું: ભાણાસીમલમાં ગેરરીતિ?

વડાપ્રધાન આવાસ યોજના (PMAY) હેઠળ ગરીબ પરિવારોને પાકા મકાન આપવાના સરકારના ઉદ્દેશ છતાં સંતરામપુરના ભાણાસીમલ ગામે કુકડા ફળિયાના જરૂરિયાતમંદ પરિવારો હજુ પણ માટીના કાચા મકાનમાં રહે છે. છેલ્લા ૪-૫ વર્ષથી સાચા લાભાર્થીઓને આ યોજનાનો લાભ ન મળ્યાના ગંભીર આક્ષેપો છે.

લાભાર્થીઓએ અનેકવાર તલાટી સમક્ષ રજૂઆત કરવા છતાં તેમને પાકું મકાન બનાવવા મળ્યું નથી. સરપંચના જણાવ્યા મુજબ, સર્વે થઈ ગયો છે અને ઓનલાઈન યાદીમાં નામ આવ્યા બાદ લાભ મળશે. બીજી તરફ, વિસ્તરણ અધિકારીએ જણાવ્યું કે પોર્ટલ બંધ છે અને લાભાર્થીઓએ તલાટીનો સંપર્ક કરવો. જોકે, તલાટીએ સ્વીકાર્યું કે ઉનાળામાં લાભાર્થી ઘરે ન મળતા સર્વે બાકી રહી ગયું હતું. આ યોજનામાં ૫૦% લક્ષ્યાંક પણ પૂરો ન થતાં ગેરરીતિની આશંકા છે.

## કેરાળા બસ સ્ટેન્ડની દુર્દશા: રિપેરિંગ માટે તંત્રને અપીલ

સરકારી સુવિધાઓની જાળવણીના અભાવે કેવી દુર્દશા થાય છે, તેનો પુરાવો ગઢડા તાલુકાનું કેરાળા ગામ છે. અહીંનું એસ.ટી. બસ સ્ટેન્ડ હાલ ખંડેર હાલતમાં છે અને ત્યાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, બસ સ્ટેન્ડમાં એટલો કચરો છે કે માણસ ત્યાં ઉભો પણ ન રહી શકે. સૌથી કફોડી હાલત ગામની મહિલાઓ અને વિદ્યાર્થીનીઓની થઈ છે. શિક્ષણ કે કામ અર્થે બહારગામ જતી બહેનો અને માતાઓને બસની રાહ જોવા માટે આ ગંદકી વચ્ચે મજબૂરીમાં ઉભું રહેવું પડે છે. બેસવા માટે તો કોઈ વ્યવસ્થા જ બચી નથી. આ સમસ્યાને વાચા આપતા કેરાળા ગામના રસીકભાઈએ તંત્ર સામે આક્રોશ નહીં પણ વિનમ્ર અપીલ કરી છે. તેમણે સોશિયલ મીડિયાના માધ્યમથી સરપંચ, તાલુકા વિકાસ અધિકારી (TDO) અને મામલતદારનું ધ્યાન દોર્યું છે. તેમની માંગ છે કે ગામની દીકરીઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર તાત્કાલિક બસ સ્ટેન્ડની સફાઈ કરાવે અને જરૂરી રિપેરિંગ કામ હાથ ધરે.

**રિપોર્ટ : મનસુખ વાળા ગઢડા**



**ગઢડાના કેરાળા ગામે બસ સ્ટેન્ડ ગંદકીથી ખદબદતા બહેનો-દીકરીઓને હાલાકી. જાગૃત નાગરિક રસીકભાઈએ TDO અને સરપંચને કરી રજૂઆત.**

## કાંકરેજમાં યુરિયા ખાતરની અછત: ધારાસભ્યએ કૃષિ મંત્રીને કરી રજૂઆત

બનાસકાંઠાના કાંકરેજ વિધાનસભાના ધારાસભ્ય અમૃતજી ઠાકોરે રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીને પત્ર લખીને પોતાના વિસ્તારમાં યુરિયા ખાતરની અછત દૂર કરવા માંગ કરી છે. ધારાસભ્યએ પત્રમાં જણાવ્યું કે, કાંકરેજ વિસ્તારના ખેડૂતોએ શિયાળુ પાકો જેવા કે ઘઉં, રાયડો, તમાકુ, બટાકા, એરંડા અને ડુંગળીનું વાવેતર કર્યું છે. જોકે, પૂરતા યુરિયા ખાતર વગર પાક ઉત્પાદનમાં મુશ્કેલીઓ આવી રહી છે. છેલ્લા ઘણા સમયથી ઓગડ અને કાંકરેજ તાલુકા તેમજ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને પૂરતું ખાતર મળી રહ્યું નથી. અમૃતજી ઠાકોરે ખાતરના કાળાબજાર અને વધુ ભાવ લેવાઈ રહ્યા હોવાની પણ આશંકા વ્યક્ત કરી છે. આ ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમણે કૃષિ મંત્રીને તાત્કાલિક ધોરણે કાંકરેજ અને ઓગડ તાલુકા સહિત સમગ્ર જિલ્લાના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં યુરિયા ખાતર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી કરી છે.

## વડોદરામાં સાયબર ક્રાઇમ સામે લડવા CPની બેંક અધિકારીઓ સાથે બેઠક

વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી નરસિમ્હા કોમારના અધ્યક્ષસ્થાને પોલીસ ભવન, જેલ રોડ ખાતે શહેરના પોલીસ અધિકારીઓ અને વિવિધ બેંકોના પ્રતિનિધિઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ સંકલન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય હેતુ સાયબર ક્રાઇમ સંબંધિત ગુનાઓની તપાસ પ્રક્રિયાને વધુ ઝડપી બનાવી શહેરના નાગરિકોને ઝડપથી ન્યાય મળે તે સુનિશ્ચિત કરવાનો હતો.

કમિશ્નરશ્રી દ્વારા બેંકોને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોલીસ ખાતા તરફથી શંકાસ્પદ બેંક ખાતાઓ અંગે જ્યારે પણ માહિતી માંગવામાં આવે, તે તાત્કાલિક પૂરી પાડવી. આનાથી ભોગ બનનારના નાણાંનું રિફંડ કરાવવું અને આરોપીઓ સુધી પહોંચવું સરળ બનશે. વધુમાં, આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા 'મ્યુલ એકાઉન્ટ' (Mule Accounts) રોકવા માટે બેંક ખાતા ધારકના વેરિફિકેશન માટે RBIની માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા તેમજ રિફંડ અંગેના કોર્ટ ઓર્ડરનું અગ્રિમતાથી પાલન કરવા ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠક સાયબર ગુનાઓ સામે સંયુક્ત લડત માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.



## સુરતમાં કાતર હુમલો અને પિસ્તોલ પ્રકરણ ચકચાર

સુરતમાં બે અલગ ઘટનાઓના CCTV અને વીડિયોએ શહેરની સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર ચર્ચા જગાવી છે. ડીંડોલીમાં પાનના ગલ્લા પાસે યુવક પર કાતરથી સતત 7–8 વાર હુમલો કરાયો, જેમાં આરોપી નિર્દયતાથી હુમલો કરતો દેખાય છે. બીજી તરફ સચિન વિસ્તારમાં એક યુવકે જાહેરમાં પિસ્તોલ બતાવી દહેશત ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં સ્થાનિક લોકોએ હિંમતપૂર્વક તેને કાબૂમાં લીધો હતો. બંને વિડિયો વાયરલ થતા શહેરમાં અસામાજિક તત્વોની બેફામ હરકતો પર ચિંતાઓ વધી છે. સઘન પેટ્રોલિંગ અને અસરકારક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

## કોસાડ આવાસમાં મેગા કોમ્બિંગથી ખળભળાટ મચ્યો

સુરતના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા માટે મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું. છ ટીમોને સાથે રાખીને H-1 અને H-2 બિલ્ડિંગ એરિયામાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું. પાંચ અલગ સ્ટેશનોના સ્ટાફ સાથે ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં થયેલી આ કામગીરીમાં હિસ્ટ્રીશીટર અને અસામાજિક તત્વો પર વિશેષ નજર રાખવામાં આવી. ઓપરેશન દરમિયાન છ તલવાર અને રેમ્બો છરા સહિત ઘાતક વસ્તુઓ કબજે કરાયાં અને પાંચ તડીપાર ઇસમો ઝડપાયા. પ્રોહીબિશન સહિત કુલ 58 કેસ દાખલ થયા. કાર્યવાહી પછી વિસ્તારમાં સુરક્ષાની ભાવનામાં વધારો જોવા મળ્યો.

## કળિયુગનો પ્રેરણાદાયક પ્રેમ: બહેને ભાઈને કિડની આપી નવજીવન આપ્યું

સુઈગામ તાલુકાના પાડણ ગામે ભાઈ-બહેનના પવિત્ર સંબંધને નવી વ્યાખ્યા આપતો કિસ્સો સામે આવ્યો છે. ગામના ઈશ્વરભાઈ ચૌધરીની બંને કિડની ફેલ થતાં બહેન મીરાબેન તેમની પીડા જોઈ ન શક્યા. "તારી બેનડી બેઠી છે," કહીને તેમણે નિસ્વાર્થ ભાવે પોતાની કિડનીનું દાન કર્યું. ડોક્ટરોની ટીમે સફળ સર્જરી કરી ઈશ્વરભાઈને નવજીવન આપ્યું. મીરાબેનના આ ત્યાગને સમાજ ભાવવિભોર બની વધાવી રહ્યો.





**સુઈગામના પાડણ ગામમાં હૃદયસ્પર્શી ઘટના: મીરાબેને બંને કિડની ફેલ થતાં ભાઈ ઈશ્વરભાઈને પોતાની કિડની આપી નવજીવન આપ્યું. સમાજ માટે પ્રેરણાદાયક દાખલો.**

## જેતપુરમાં રેડ: ₹૧૪ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની પ્રોહીબિશન નાબૂદ કરવાની સૂચનાના પગલે જેતપુર સીટી પોલીસે મોટી સફળતા મેળવી છે. પોલીસ ઇન્સ્પેક્ટર એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ ટીમે બાતમીના આધારે યુવરાજ ભુપતભાઈ લુણસરના રહેણાંક મકાન પર રેડ કરી. રેડ દરમિયાન વિદેશી દારૂનો જથ્થો, iPhone અને ત્રણ ટુ-વ્હીલર સહિત કુલ ₹૧૪,૨૩,૯૯૪/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપી અગાઉ પણ મારામારી અને પ્રોહીબિશનના ગુનાઓમાં સંડોવાયેલો છે.

**રિપોર્ટ : નયનભાઈ રાવરાણી**



## પાદરા: સરસવણી-ઇટોલા રોડ પર બાઇક સ્લીપ, યુવક ગંભીર ઘાયલ

પાદરા તાલુકાના સરસવણીથી ઇટોલા જતાં થીકરીયા ગામ પાસે આજે વહેલી સવારે એક ગંભીર અકસ્માત નોંધાયો હતો. GJ06JD 3791 નંબરની બાઇક સ્લીપ થઈ જતાં તેના ચાલકને માથાના તેમજ મોઢાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. યુવક પાદરા તાલુકાના ચોકારી ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે. તાત્કાલિક 108ને જાણ થતાં યુવકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં ખસેડાયો હતો.

આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે કે, જો બાઇક ચાલકે પોતાની સુરક્ષા માટે હેલ્મેટ પહેર્યું હોત તો માથાના ભાગે થયેલી ગંભીર ઇજાઓ ટાળી શકાઈ હોત. વધુમાં, સરસવણીથી ઇટોલા રોડ પર પડેલા મોટા ખાડાઓ પણ અકસ્માતનું મુખ્ય કારણ છે. ખાસ કરીને જોવા જઈએ તો રોડ પરના ખાડાઓ જોખમી બન્યા છે. તંત્ર દ્વારા તાત્કાલિક આ રોડ પરના ખાડાઓ પૂરવામાં આવે તો ભવિષ્યમાં આવા અકસ્માતો નિવારી શકાય તેમ છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## NSUI રજૂઆત બાદ યુનિવર્સિટી રસ્તા કામે આગોતરી શરૂઆત

NSUI દ્વારા યુનિવર્સિટીના બિસ્માર રોડ રસ્તા મામલે કરાયેલી રજૂઆતને પગલે તંત્ર જાગ્યું છે. યુનિવર્સિટીમાં રોડનું કામ શરૂ થતા આજરોજ યુવક કોંગ્રેસ અને NSUI દ્વારા કુલપતિનો આભાર માનવામાં આવ્યો હતો. આ તકે યુવક કોંગ્રેસ પ્રમુખ અમરદીપસિંહ જાડેજા, અલીભાઈ લાખાણી, ગિરિરાજસિંહ વાળા અને NSUI પ્રમુખ ઋષિરાજસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ કુલપતિને પુષ્પગુચ્છ અર્પણ કરી વિદ્યાર્થીલક્ષી કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે અભિજીતસિંહ ચુડાસમા અને લકિરાજસિંહ ચુડાસમા પણ જોડાયા હતા. **રિપોર્ટ: જીશાન ખૂંટ**



## નવસારી: ઓપરેશન 'મ્યૂલ હન્ટ'માં 7 કરોડનું કૌભાંડ ઝડપાયું

નવસારી સાયબર ક્રાઈમ ટીમે 'ઓપરેશન મ્યૂલ હન્ટ'માં મોટી સફળતા મેળવી છે. મ્યૂલ એકાઉન્ટ (ભાડે લીધેલા ખાતા) દ્વારા કરોડોની છેતરપિંડી આચરતી ટોળકીના 5 આરોપીઓ ઝડપાયા છે. તપાસમાં 7 કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો અને દુબઈ સાથેના તાર મળી આવ્યા છે. પોલીસે રાહુલ કુમાવત અને નિમેશ પાડવે સહિતના આરોપીઓ પાસેથી 7 મોબાઈલ અને 12 એટીએમ કાર્ડ સાથે 4.32 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**રિપોર્ટ ભરત દેસાઈ નવસારી**



## નલ સે જલ કૌભાંડમાં CIDને સફળતા: 2 કોન્ટ્રાક્ટર ઝડપાયા

મહીસાગર જિલ્લાના બહુચર્ચિત 'નલ સે જલ' યોજના કૌભાંડની તપાસ કરી રહેલી CID (ક્રાઇમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ) ની ટીમને વધુ એક સફળતા મળી છે. તપાસના ધમધમાટ વચ્ચે આ કૌભાંડમાં સંડોવાયેલા વધુ બે કોન્ટ્રાક્ટર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. CID દ્વારા ઝડપાયેલા આરોપીઓમાં લક્ષ્મણ શર્મા અને અર્જુન પાદરિયાનો સમાવેશ થાય છે.
આ કૌભાંડમાં સરકારી નાણાંની ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યું હતું, જેના પગલે હવે બન્ને કોન્ટ્રાક્ટરો પાસેથી કુલ ₹1.30 કરોડથી વધુની રકમની રિકવરી કરવાની બાકી છે. આ ધરપકડ દ્વારા CIDએ કૌભાંડના મૂળ સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે, કારણ કે યોજનાના અમલીકરણમાં કોન્ટ્રાક્ટરોની ભૂમિકા નિર્ણાયક હોય છે. ઉલ્લેખનીય છે કે, આ કૌભાંડમાં કુલ 12 તત્કાલીન સરકારી કર્મચારીઓની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું, જેમાંથી અગાઉ 4 કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. કોન્ટ્રાક્ટરો અને કર્મચારીઓની ધરપકડ બાદ કૌભાંડમાં અન્ય કોઈ મોટા માથાઓની સંડોવણી છે કે કેમ, તે દિશામાં પણ તપાસ એજન્સી દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી રાજ્ય સરકારની ભ્રષ્ટાચાર પ્રત્યેની ઝીરો-ટોલરન્સ નીતિને સમર્થન આપે છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**




## NSUI ભાવનગર પ્રમુખ ફ્રોડ કેસ: ABVPનો વિરોધ, કાર્યકરોની અટકાયત

ભાવનગર NSUIના પ્રમુખ અસમાન ખાન બલોચનું નામ સાયબર ફ્રોડ કેસમાં સામેલ થતાં ગુજરાતનું વિદ્યાર્થી રાજકારણ ભારે વિવાદમાં સપડાયું છે. આ ગંભીર પ્રકરણના વિરોધમાં NSUIના મુખ્ય હરીફ સંગઠન ABVPએ જામનગર ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો.
જામનગર ABVPના કાર્યકરોએ NSUI ભાવનગરના પ્રમુખનું પૂતળું દહન કરવાનો પ્રયાસ કર્યો હતો, જેથી NSUI નેતા સામે કડક કાર્યવાહીની માંગણી કરવામાં આવી શકે. વિદ્યાર્થી સંગઠનો વચ્ચેનો આ વિરોધ ટૂંક સમયમાં જ ઉગ્ર બનતાં જામનગરના વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા. જાહેર શાંતિ ભંગના આશયથી પૂતળા દહન કરી રહેલા ABVPના કાર્યકરોની તાત્કાલિક અટકાયત કરીને તેમને સ્થળ પરથી ખસેડવામાં આવ્યા.
એક તરફ વિદ્યાર્થી હિતની વાત કરનારા નેતાઓ પર જ જ્યારે સાયબર ફ્રોડ જેવા ગંભીર આરોપો લાગ્યા હોય, ત્યારે આ ઘટનાએ વિદ્યાર્થી રાજકારણની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ABVPના આ વિરોધને અન્ય વિદ્યાર્થી સંગઠનો પણ સમર્થન આપી રહ્યા છે. આગામી દિવસોમાં આ મામલે રાજ્યના રાજકારણમાં વધુ ઉથલપાથલ થવાની સંભાવના છે.

**રિપોર્ટ : મુકેશ યાદવ**



## સોના-હીરાના નામે ₹૨.૮૦ કરોડની ઓનલાઈન છેતરપિંડી

વડોદરાના મકરપુરા વિસ્તારમાં સોના અને હીરાના વ્યવસાયમાં રોકાણના બહાને ₹૨.૮૦ કરોડની વિશાળ છેતરપિંડીનો કેસ નોંધાયો છે. આરોપીઓ હરીશ જાધવ અને રાકેશ પાંડેએ ફરિયાદી સંજયકુમાર મહેતા અને તેમના ભાગીદારને લાલચ આપી હતી. રોકાણકારોનો વિશ્વાસ જીતવા માટે, આરોપીઓએ ચાલાકીપૂર્વક વૉટ્સઍપ દ્વારા ₹૧૫ કરોડના મૂલ્યના ખોટા ડિમાન્ડ ડ્રાફ્ટ (DD)ના ફોટા મોકલ્યા હતા. રોકાણની રકમ મેળવ્યા બાદ આરોપીઓએ રોકાણ કરેલા ₹૨.૮૦ કરોડ કે નફાની કોઈ રકમ પરત કરી નહોતી. આ મામલે છેતરપિંડીનો ગુનો દાખલ થયો છે અને તંત્ર દ્વારા આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

## લેન્ડમાર્ક કંપનીમાં ક્લાર્કે ₹૧૪ લાખની ઉચાપત કરી

વડોદરાના છાણી વિસ્તારમાં આવેલી લેન્ડમાર્ક કોમર્શિયલ વ્હીકલ્સ પ્રા. લિ. (અશોક લેલેન્ડ) માં મોટી નાણાકીય ગેરરીતિ સામે આવી છે. કંપનીના ક્લાર્ક દીપિકાબેન ડોશિયારે તારીખ ૦૧/૧૧/૨૦૨૪ થી ૧૦/૦૯/૨૦૨૫ દરમિયાન વિશ્વાસઘાત કરીને કંપનીના ભંડોળનો દુરુપયોગ કર્યો હતો. તેમણે ગ્રાહકો પાસેથી સર્વિસ ચાર્જ પેટે ઉઘરાવેલા કુલ ₹૧૪,૧૨,૨૪૬/- કંપનીના ખાતામાં જમા કરાવવાને બદલે પોતાના અંગત ઉપયોગમાં લીધા હતા. આ મામલે ક્લાર્ક વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે અને તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

## વડોદરામાં ડબલ છેતરપિંડી: જમીન અને ગોલ્ડ લોનમાં ફ્રોડ

વડોદરામાં વિશ્વાસઘાત અને છેતરપિંડીના બે ગંભીર કેસ સામે આવ્યા છે. રાવપુરા પોલીસ સ્ટેશનમાં વડસરની જમીનનો બનાવટી વેચાણ દસ્તાવેજ બનાવીને સાચા માલિકો સાથે છેતરપિંડી કરવા બદલ કેસ નોંધાયો છે.
બીજી તરફ, વારસિયા પોલીસ સ્ટેશનમાં સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાની શાખામાં મોટું ગોલ્ડ લોન કૌભાંડ સામે આવ્યું છે. બેંકના વેલ્યુઅરે અન્ય બે આરોપીઓ સાથે મળીને ખોટા સોનાના દાગીના પર ₹૯.૮૮ લાખ અને ₹૩.૬૫ લાખ મળી કુલ ₹૧૩.૫૩ લાખની લોન મંજૂર કરાવીને બેંક સાથે છેતરપિંડી આચરી હતી.

## જામનગર: ₹30 લાખના દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દેવાયું

જામનગર શહેરમાં દારૂબંધીના કાયદાના કડક અમલના ભાગરૂપે આજે એક મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના ત્રણેય પોલીસ ડિવિઝન (A, B, C) તેમજ રેલવે વિભાગ દ્વારા છેલ્લા એકાદ વર્ષમાં કબજે કરવામાં આવેલા અંદાજે રૂપિયા 30 લાખની કિંમતના ઇંગ્લિશ દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો. તારીખ ૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ નાઘેડી નજીક આવેલી સરકારી ખરાબાની જગ્યામાં નાશ કરવાની પ્રક્રિયા યોજાઈ. આ જથ્થામાં કુલ 8741 નંગ ઇંગ્લિશ દારૂની બોટલોનો સમાવેશ થતો હતો. નાશની આ કામગીરી શહેરના પ્રાંત અધિકારી અને સિટીના વરિષ્ઠ અધિકારીઓની આગેવાની હેઠળ કરવામાં આવી હતી. દારૂના વિશાળ જથ્થા પર બુલડોઝર ફેરવી દઈને તેને સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યો હતો.
આ કાર્યવાહી બતાવે છે કે ગેરકાયદેસર દારૂની હેરાફેરી કરનારાઓ સામે તંત્ર હવે વધુ સખત વલણ અપનાવી રહ્યું છે. આટલા મોટાપાયે દારૂનો નાશ થતાં દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા તત્વોમાં ચિંતા અને ફફડાટનો માહોલ ફેલાયો છે. વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ સંદેશો આપવામાં આવ્યો છે કે દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન કરનારાઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં અને ભવિષ્યમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે.



**જામનગર શહેરમાં આજે વહીવટી તંત્ર દ્વારા મોટાપાયે દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો. નાઘેડી પાસે ₹30 લાખની કિંમતની 8741 નંગ ઇંગ્લિશ દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી દેવાયું હતું.**

## IOCL નજીક હિટ એન્ડ રન: ટ્રક ચાલકે બાઇકને ટક્કર મારી

વડોદરાના જવાહરનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોયલી ખાતે IOCLના ગેટ નંબર-૨ પાસે એક ગંભીર માર્ગ અકસ્માત નોંધાયો છે. તારીખ ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ GJ-31-T-6777 નંબરની ટ્રકના ચાલકે બેફિકરાઈથી ડ્રાઇવિંગ કરીને એક મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલક મગસિંગ રાઠોડને જમણા પગે ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી. વળી, તેમની મોટરસાયકલને પણ અંદાજે રૂ. ૫,૦૦૦/- નું નુકસાન થયું છે. જોકે, અકસ્માત સર્જ્યા બાદ ટ્રક ચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. મગસિંગ રાઠોડ દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે અને તંત્ર દ્વારા ટ્રક ચાલકને પકડવાના ચક્રો ગતિમાન કરાયા છે.

## વડોદરામાં બે ચોરી: ૮ કિલો ચાંદી સહિત લાખોની મત્તાની ઉઠાંતરી

વડોદરામાં છેલ્લા કેટલાક સમયમાં ચોરીની બે અલગ-અલગ ઘટનાઓ નોંધાઈ છે. જે.પી. રોડ પર વાસણા રોડ પર આવેલી સુકુન સોસાયટીના એક મકાનના લોકરમાંથી અજાણ્યા તસ્કરોએ ₹૪.૬૮ લાખની કિંમતનો આઠ કિલો ચાંદીનો સ્ટોક ચોરી લીધો હતો. આ ચોરીની ફરિયાદ નાદીર કોન્ટ્રાક્ટરે નોંધાવી છે. બીજી ઘટનામાં, કુંભારવાડા વિસ્તારમાં રૂપમ સિનેમા પાસે બાલાજી પોઈન્ટ નજીકથી પૂનમબેન જોશીનો ₹૯,૪૯૯ની કિંમતનો રેડમી 14C 5G મોબાઈલ ફોન ચોરી થયો હતો. બંને મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## નવસારી: રોયલ સ્કૂલમાં શૈક્ષણિક મેળાનું શાનદાર આયોજન

નવસારી સ્થિત દારુલ ઉલુમ અનવારે રઝા ટ્રસ્ટ સંચાલિત રોયલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શૈક્ષણિક મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય નાહીદ હિંગોરા અને ટ્રસ્ટીઓના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અંગ્રેજી, વિજ્ઞાન, કોમ્પ્યુટર અને અરેબિક સહિતના વિષયો પર ચાર્ટ અને મોડેલ્સ તૈયાર કર્યા હતા. બાળકોની પ્રતિભા નિખારવાના આ પ્રયાસમાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીમાંથી રોહનભાઈ ટંડેલ અને CRC ચંદુભાઈ આહિરે ખાસ ઉપસ્થિત રહીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

**રિપોર્ટ : ભારત દેસાઈ નવસારી**




## ખોડલધામના 80થી વધુ વિદ્યાર્થીઓ ગુજરાત પોલીસ ભરતીમાં સફળ




ગુજરાત પોલીસ ભરતીનું પરિણામ જાહેર થતાની સાથે જ ખોડલધામ (KDVS) પરિવારમાં ઉત્સાહનો માહોલ છવાયો છે. રાજકોટ ખાતે સરદાર પટેલ ભવનમાં ચાલતા વિશેષ વર્ગોમાંથી 80થી વધુ વિદ્યાર્થીઓએ પોલીસ દળમાં જોડાવાની સફળતા મેળવી, જે સમગ્ર સમાજ માટે ગૌરવની વાત છે.

KDVS દ્વારા વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આ વર્ગોમાં ટોકન સ્વરૂપે નજીવી ફી વસૂલવામાં આવી હતી. શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે આકાશ સર, બકુલ સર જેવા સમગ્ર ગુજરાતના નિષ્ણાંત ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન અપાયું. સાથોસાથ, એક્સ આર્મીમેન કોચ રાકેશસર દ્વારા શારીરિક પરીક્ષાની અભૂતપૂર્વ તૈયારી કરાવવામાં આવી, જે આ સફળતાનો પાયો બની.

વિદ્યાર્થીઓને વાંચન માટે સેપરેટ AC લાઈબ્રેરીની વ્યવસ્થા, ભાઈઓ અને બહેનો માટે ફ્રી રહેવાની સગવડ, તેમજ ટોકન દરે જમવાની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવી હતી. પરીક્ષાના માળખાનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે 80થી વધારે મોક ટેસ્ટ, ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, અને મંથલી ટેસ્ટનું સઘન આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર બેચનું સંચાલન ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સંજયભાઈ ખાખરીયા અને KDVS ટિમ દ્વારા કરવામાં આવ્યું. ટ્રસ્ટ મંડળ દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં જે જરૂરી હતું એ તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી અને આ વ્યવસ્થાનો સદ્ઉપયોગ કરીને ટીમે સમાજને 80થી વધુ કર્તવ્યનિષ્ઠ કોન્સ્ટેબલની ભેટ આપી છે. તેમના આ સદ્કાર્યને સમાજ ઉમળકાભેર વધાવી રહ્યો છે.

## આણંદ: કચેરીમાં લાઈટો ચાલુ પણ તલાટી ગાયબ, અરજદારો પરેશાન

આણંદ કસ્બા તલાટી કચેરીમાંથી સામે આવેલી તસવીરો વહીવટી તંત્રની ગંભીર બેદરકારીની ચાડી ખાય છે. એક તરફ સરકાર વીજ બચતની વાતો કરે છે, તો બીજી તરફ આ સરકારી કચેરીમાં જ ભરબપોરે ખાલી ખુરશીઓ વચ્ચે પંખા અને લાઈટો ચાલુ રાખીને વીજળીનો વ્યય કરવામાં આવી રહ્યો છે.

અહીંના તલાટીઓ સરકારી નિયમોને જાણે ઘોળીને પી ગયા હોય તેમ લાગે છે. કચેરીનો સમય સવારે 10:30નો હોવા છતાં, 11 વાગ્યા સુધી કોઈ તલાટી ફરજ પર હાજર મળતા નથી. પોતાના કામકાજ માટે દૂર-દૂરથી આવતા અરજદારો કલાકો સુધી બેસી રહેવા મજબૂર બને છે. અરજદારોનો આક્ષેપ છે કે સાહેબો પોતાની મરજી મુજબ મોડા આવે છે અને પ્રજાનો સમય બગાડે છે.

અરજદાર જગદીશ સોલંકી સહિતના સ્થાનિકોએ આ મામલે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. શું ઉચ્ચ અધિકારીઓ આ લેટલતીફી અને વીજળીના બગાડ સામે કોઈ પગલાં ભરશે ખરા? દૈનિક પલ્સ ન્યૂઝ માટે કિરણકુમાર ગોહિલ, આંકલાવ.



**આણંદ કસ્બા તલાટી કચેરીમાં 11 વાગ્યા સુધી તલાટીઓ ગેરહાજર રહેતા અરજદારોને હાલાકી. ખાલી કચેરીમાં પંખા-લાઈટો ચાલુ.**

## વડોદરામાં બે જગ્યાએ ઘાતક ચોરી: લાખોની મત્તા ઉઠાવી

વડોદરામાં છેલ્લા એક સપ્તાહમાં ચોરીની બે મોટી ઘટનાઓ નોંધાઈ છે. વડસર-સુશેન રોડ પર ઓમકાર સ્ટીલ સેન્ટરમાં તાળાં તોડીને ચોરો રૂ. ૧.૯૦ લાખની રોકડ અને સોનાના દાગીનાની ચોરી કરીને ફરાર થયા હતા. બીજી ઘટનામાં, અટલાદરા ખાતે પ્રથમ એન્ક્લેવમાં ઈન્ટરલોક તોડીને તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રૂ. ૨૫,૦૦૦ રોકડા મળી કુલ રૂ. ૧.૯૮ લાખની મત્તાની ચોરી કરી હતી. આ બંને ઘટનાઓમાં કુલ રૂ. ૩.૮૮ લાખથી વધુની ચોરી નોંધાઈ છે, જેણે શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા કર્યા છે.

## રણોલીમાં યુવતીના આત્મહત્યા કેસમાં પતિ–દિયરના આક્ષેપો

વડોદરા શહેરની જવાહરનગર વિસ્તારની સરહદે આવેલ રણોલી મોટા મહાદેવ વિસ્તારમાં બનેલી એક યુવતીની આત્મહત્યાની ઘટના ફરી એકવાર વૈવાહિક જીવનના તણાવની ગંભીરતા પર પ્રશ્ન ઉભા કરે છે. ફરિયાદી મુકેશભાઈ સોલંકીએ નોંધાવ્યું કે તેમની દીકરી નેન્સીએ 2024માં પોતાના મનપસંદ થે ફૂલહાર વિધિથી લગ્ન કર્યા હતા. પરંતુ લગ્ન પછી પતિ ભાવેશ અને દીયર જીગર દ્વારા નાની નાની બાબતે થતા ઝગડાઓથી તે સતત માનસિક દબાણ અનુભવી રહી હતી.

તા. 02/12/2025ના રોજ સાંજે 6:30 વાગ્યે નેન્સી પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવી હતી. પરિવારની માન્યતા મુજબ તણાવ અને ત્રાસના કારણે તેણે પોતાનું જીવન ટૂંકાવ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પરિવાર દ્વારા 08/12/2025એ આ મુદ્દે વિગતવાર ફરિયાદ રજૂ કરવામાં આવી.

ઘટનાએ સ્થાનિક સમાજમાં ચિંતા સર્જી છે, કારણ કે લગ્નજીવનમાં વધતા મતભેદો તથા માનસિક દબાણથીસર્જાતા પ્રશ્નો સતત વધી રહ્યા છે. પરિવારોએ સમયસર માર્ગદર્શન, માનસિક સહાય અને સામાજિક સપોર્ટ સિસ્ટમના મહત્વને ફરી એકવાર પ્રકાશિત કર્યો છે.



## ઈડર બન્યું મેડિકલ માફિયાનું હબ: રાજસ્થાનથી દર્દી લાવી લૂંટ

સાબરકાંઠાના ઈડર શહેરમાંથી એક ગંભીર રિયાલિટી રિપોર્ટ સામે આવ્યો છે. અહીં સ્વાસ્થ્ય સેવાના નામે જે ચાલી રહ્યું છે તે જોઈને તમે પણ ચોંકી જશો. ઈડરમાં અત્યારે સરકારી હોસ્પિટલ શોધવી મુશ્કેલ છે, પરંતુ ડગલે ને પગલે ખાનગી હોસ્પિટલોના પાટિયા ઝૂલી રહ્યા છે. લોકોનું કહેવું છે કે અમદાવાદ જેવા મેટ્રો સિટી કરતા પણ ઇડરમાં હોસ્પિટલોની ગીચતા વધી ગઈ છે. બસ સ્ટેન્ડ હોય, વલાસણા રોડ હોય કે જવાનપુરાનું દામોદર કોમ્પ્લેક્સ - દરેક જગ્યાએ હોસ્પિટલો જ હોસ્પિટલો છે. પરંતુ આ સંખ્યા વધવા પાછળનું કારણ સેવા નહીં પણ 'શુદ્ધ વ્યાપાર' છે. અહીં એક નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે - 'ખાનદાની પ્રેક્ટિસ'. પિતા ડોક્ટર હોવાથી પુત્રને પણ એ જ લાઈનમાં લાવી, જાતે જ ટ્રેનિંગ આપી બાજુની ઓફિસમાં ગોઠવી દેવાય છે. આમાં દર્દીને યોગ્ય નિદાન કે 100% પરિણામ મળતું નથી, છતાં ફી વસૂલાય છે. સૌથી મોટો ખુલાસો એ છે કે, હોસ્પિટલો વધી પણ દર્દીઓ ઘટ્યા. આથી હવે આ ડોક્ટરોએ રાજસ્થાન તરફ નજર દોડાવી છે. ત્યાંથી કમિશન આપીને, સ્પેશિયલ ગાડીઓમાં દર્દીઓને ઈડર લાવવામાં આવે છે. સારવારના નામે દર્દીઓને અહીં લાવીને કરોડો રૂપિયા ખંખેરવામાં આવે છે અને એ પૈસાથી શહેરમાં નવી જગ્યાઓ લઈને બીજી હોસ્પિટલો ઉભી કરવામાં આવે છે. લોકમુખે ચર્ચા છે કે આડેધડ ફૂટી નીકળેલી આ હોસ્પિટલોમાં દર્દીની જિંદગી સાથે રમત રમાઈ રહી છે. શું આરોગ્ય વિભાગ આ કમિશનખોરી અને કૌટુંબિક મેડિકલ પ્રેક્ટિસ પર કોઈ લગામ કસશે ખરું? કે પછી ઇડર આમ જ મેડિકલ માફિયાઓનું હબ બની રહેશે?"

**રિપોર્ટ : જનક જાદવ સાબરકાંઠા**



## વડોદરા: 7 વર્ષથી વોન્ટેડ બુટલેગર દાહોદથી ઝડપાયો

દારૂબંધીના કડક અમલ વચ્ચે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે એક મહત્વની કામગીરી કરી છે. 2018ના વર્ષમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ આરોપી પ્રહલાદ બામન 7 વર્ષ બાદ પોલીસના હાથે ઝડપાયો છે. આ ઘટના 2018ની છે જ્યારે વડોદરા પોલીસે કમલાનગરથી ચાચા નેહરૂ વસાહત રોડ પર એક શંકાસ્પદ બોલેરો પીકઅપનો પીછો કર્યો હતો. પોલીસને જોઈને આરોપીઓએ ગાડી ભગાડી મુકી હતી, પરંતુ આગળ રસ્તો બંધ હોવાથી તેઓ ગાડી અને દારૂનો જથ્થો છોડીને ફરાર થઈ ગયા હતા. પોલીસે તે વખતે 5.44 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો, પણ મુખ્ય આરોપી પ્રહલાદ હાથ લાગ્યો નહોતો. ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. આર.જી. જાડેજા અને તેમની ટીમને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી હાલ દાહોદમાં છે. પોલીસે સતર્કતા દાખવી દાહોદ પહોંચી વોચ ગોઠવી પ્રહલાદને દબોચી લીધો હતો. તપાસમાં ખુલ્યું છે કે તે સુરતમાં ઓળખ છુપાવીને રહેતો હતો. આ આરોપીનો ગુનાહિત ઈતિહાસ પણ છે, તે 2016માં દાહોદમાં પકડાયેલ છે.




**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**